# ઋણસ્વીકાર

–બકુલા ઘાસવાળા

સવારે સાત વાગે ટેલીફોનની ઘંટડીથી જાગવું પડે એ દૈનીક ક્રમ અનુપમા માટે ધીમે ધીમે અસહ્ય થવા માંડ્યો. ગાડી-ડ્રાઈવર, ક્લાર્ક, દવા, ટીફીન, ઈસ્ત્રીનાં કપડાં, પ્લમ્બર, ઈલેક્ટ્રીશીયન; કોઈની પણ જરુર હોય; ‘પપ્પા’ અનુરાગને જ યાદ કરે. કામ સોંપે એટલે તે થવું જ જોઈએ એવો હઠાગ્રહ તો ખરો જ. અનુરાગના મોઢેથી ’હા’થી વધારે શબ્દ ન જ નીકળે. એટલે જ એ એને ‘શ્રવણકુમાર’ કહેતી. કેટલીકવાર તો એમ પણ લાગતું કે પપ્પાની જીન્દગી જ અનુરાગે જીવવી પડે છે. અંદરથી મન બંડ પોકારતું કે આ શ્રવણ તો એવો છે કે ‘હા’ કહીને બધી જ જવાબદારી મારા પર સોંપી દઈને, મને જ ‘શ્રાવણી’ બનાવી દે છે ! સાથે એમ પણ થતું કે સવારથી જ ઘરને રણમેદાન બનાવી દેવાથી શો ફાયદો ?

ઘરમાં સવારથી સાતનો સમયખંડ એટલે જાણે એક પછી એક ટ્રેનને વીદાય આપતું રેલવે સ્ટેશન ! ત્રણ બાળકોને તૈયાર કરી સ્કુલે મોકલવાનાં અને અનુરાગને કામ પર અને સાથે પપ્પાના હુકમનામાનું શીડ્યુલ ગોઠવવાનું. અનુપમાને દાદીની કહેવત ‘ઘડીની ફુરસદ નહીં; ને કોડીની કમાણી નહીં’, યાદ આવી જતી. આ પ્લૅટફોર્મ પર હમ્મેશાં લીલી ઝંડી અને મંઝીલ પર પહોંચવાની પ્રોત્સાહક વ્હીસલનો માલીક કે ગાર્ડ તો અનુરાગ જ. છોકરાં અને પપ્પા બધાંને આ ‘માસ્તર’ ફાવે. ગ્રીન સીગ્નલ આપે, ગાડી દોડાવે, માસ્તર મારેય નહીં ને ભણાવેય નહીં.

હવે સવારે સાતથી જ પપ્પાના હુકમનામાને તાબે થવાનો અભીક્રમ તોડવો જ જોઈએ. પપ્પાને કહી જ દઈશ કે તમારે સવારે નવ પછી ફોન કરવો. પણ તો તો વીસ્ફોટ થઈ જાય ! પપ્પાના અને અનુરાગના સમ્બન્ધોનું ગણીત કાંઈ એક વત્તા એક બરાબર બે જેવું તો નથી જ. એ સમ્બન્ધોનાં પલાખા ગણવા માંડે તો બાંધી મુઠ્ઠી લાખની છે, તેને રાખમાં બદલતાં પપ્પાને વાર ન લાગે, તે એ બરાબર સમજી ચુકી હતી. સાત વાગે કોઈકવાર ફોન રોકાયેલો હોય ત્યારે અચુક દરવાજાની ઘંટડી વાગે અને સામેવાળા માસી, ઉંઘરેટા અવાજે ને ચીઢાયેલા રણકે જ જાણ કરતાં કે ડૉક્ટરસાહેબનો ફોન છે. અનુરાગ સવારે મોબાઈલ તો ન જ ઉંચકે એટલે પપ્પાનો આ હાથવગો ઉપાય. અનુપમાને થતું કે પપ્પા અને અનુરાગની આ રમતનું પ્યાદું પોતે છે, જેને હારવાનું નક્કી જ છે !

અને હારવાનું પણ કેવું ! પપ્પાના પોતાના સુવાંગ ઘરમાં તો ક્યાંય પણ મમ્મીના હોવાનો અણસાર કે અહેસાસ સુધ્ધાં નહીં ! એ ઘરમાં તો મમ્મીની હયાતીમાં જ ‘શીલાબહેન’નું સ્થાન અંકીત થઈ ગયેલું ! મમ્મીનો સરસ, તાજગીભર્યો, અંખડ સૌભાગ્યવતીના સાજ–શણગારથી ઓપતો ભવ્ય ફોટો, તો અમારાં આ ઘરની

દીવાલ શોભાવે ! મમ્મીની વર્ષગાંઠે, લગ્નગાંઠે, મૃત્યુદીને કે વારપરબે અચુક ત્યાં હાર ચઢાવવાનો, ગીતાપાઠ રાખવાનો કે ભજનસંધ્યાનું આયોજન કરવાનું. મમ્મીની ભાવતી વાનગીઓ બનાવવાની. બ્રાહ્મણો, ભીક્ષુકો અને જરુરીયાતમંદોને ભોજન કરાવવાનું. બધું આયોજન થાય – પપ્પાના નામે, વાહવાહ પપ્પાની, જવાબદારી અનુરાગની, પાર પાડવાની અનુપમાએ ! શીલાબહેને એટલું જ સંભાળવાનું કે અદશ્ય રહેવાનું અને હવે બનેલા પતીના પ્રથમ પત્નીપ્રેમને પ્રમાણવાનો ! અનુપમાને ક્યારેક એ સમ્બન્ધોમાં ઉંડાં ઉતરી વીશ્લેષણ કરવાની ઈચ્છા થતી; પછી જાતે જ હૃદયમાં તે સંતાડી દેતી.

પપ્પામમ્મીની લગ્નગાંઠના દીવસની એક એવી જ સવારે પપ્પા અને અનુરાગની થોડી લાંબી ચાલેલી ટેલીફોનીક વાતે અનુરાધાના કાન સરવા થયા.

પપ્પા : ‘વાડીના પૈસા આવ્યા છે ને ? મને દસ લાખ આપી દે. મારે દાન કરવું છે.’

અનુરાગ : ‘ના પપ્પાજી, એ પૈસાનો ઉપયોગ મમ્મીની ઈચ્છા મુજબ કરવાનો છે. વાડી તો મમ્મીને એના પીયરથી ભેટમાં મળી હતી. મમ્મીના ’વીલ’માં એ વાત છે જ, એમ વકીલમામા કહેતા હતા.’

પપ્પા : ‘તારી મમ્મીને વળી ’વીલ’ શું ?’

અનુરાગ : ‘કેમ ? મમ્મીને વીલ ન હોય ?’

પપ્પા: ‘જોયો મોટો, માનું ઉપરાણું લેવાવાળો !’

અનુરાગ : ‘તમે જે સમજો તે. મમ્મીની વાડી હતી, એના પૈસા છે તેનો વહીવટ એની ઈચ્છા પ્રમાણે જ થશે.’

પપ્પા : ‘તો હવે સાંભળી લે, તને તારી જરુરીયાતે પ્રસંગોપાત્ત જે પૈસા મેં આપેલા, તે લાવ.’

અનુરાગ : ‘ચાર લાખ છે, જે તમે તમારા દીકરાના ભણતર માટે પ્રેમથી આપો છો, એમ કહીને આપેલા તે ? વ્યાજ સાથે આપી દઈશ; કારણ કે તમે મને અસંખ્ય વાર એ યાદ કરાવ્યું છે.

અનુપમાને પહેલી વાર લાગ્યું કે એના ‘શ્રવણ‘નેય વાચા છે, વીચાર છે ને હીમ્મત પણ છે ! જાણે ‘મગને પગ’ ઉગ્યા ! દાદીની કહેવત યાદ આવી અને મોઢું સ્મીતે મઢાઈ ગયું. અનુપમાએ પેન અને ચેકબુક અનુરાગની સામે ધર્યાં. એણે વીગત ભરી, સહી કરી અને પુર્ણ સંતોષથી બન્નેએ માની તસ્વીર સામે નમન કર્યું. જાણે પપ્પાના ઋણનો બોજો ઉતર્યો.

આ ઘટનાએ અનુરાગનાં મૌનનાં સંસ્કારનાં આવરણો હઠાવી દીધાં. અનુપમાને શ્રવણભક્તીની પડછે સંતાઈને રહેલી સચ્ચાઈની પ્રતીતી થવા માંડી. મીતભાષી, અંતર્મુખી અનુરાગના મનનો આંતઃપ્રવેશ અનુપમા માટે જાણે અનુપમ અનુભવ બની રહ્યો. મમ્મીપપ્પાના સમ્બન્ધોની જટીલ સચ્ચાઈને એણે જે રીતે સમજીને

અપનાવી હતી, તે વીશે પોતે વગર સમજ્યે કેટલી નાદાનીયાત કરીને ‘શ્રવણ–ભક્તી’ જેવી મોટી વાતને મજાક સ્વરુપે લઈ, અનુરાગની ઠેકડી કરી હતી, તે યાદ આવતાં જ હવે અનુપમા મનોમન ઘા ખાઈ જતી હતી. જો કે અનુરાગ તો કહેતો જ રહ્યો કે તું મારા પપ્પાને ઓળખતી નથી. એ ક્યારે શું કરશે, તે કહેવાય નહીં. એને થતું કે શું કરશે પપ્પા ? બહુબહુ તો ચાર લાખનું દાન કરી દેશે. સમ્બન્ધ તોડી દેશે. સવારે સાત વાગે ફોન નહીં આવે, તેથી વધારે શું કરી શકે પપ્પા?

અઠવાડીયા પછીના વર્તમાનપત્રમાં મોટીમસ જાહેરાત જોવા મળી. ઋણસ્વીકાર સાથે જણાવ્યું હતું કે પોતાનો પુત્ર માતા અને દાદાદાદીના પુણ્યાર્થે દાન આપવા પૈસા આપતો નથી એટલે પોતે આ જાહેરાત દ્વારા એમનો ‘ઋણસ્વીકાર’ કરે છે. ફુલ પૅઈજ જાહેરાતમાં ચારપાંચ લાખ રુપીયાનું આંધણ કરી ચુકેલા પોતાના પપ્પાના આ કાર્યથી આશ્ચર્યમીશ્રીત ક્ષોભ અનુભવતા અનુરાગ અને અનુપમાની, ત્યાર પછીના સાતમા દીવસની સવાર, સાત વાગે રણકેલી ટેલીફોનની ઘંટડીથી ઉગી.

પપ્પાનો અવાજ : ‘અનુરાગ, જલદી કર, મારા માટે હવે સમય ઓછો છે. એમ્બ્યુલન્સ મંગાવ.’

અનુરાગે ‘હા’ પાડી. અનુપમાએ પપ્પાની માંદગીથી મૃત્યુ સુધીની વ્યવસ્થા કરી. ઝંઝાવાત પછીની શાન્તીની અજંપ ક્ષણો વચ્ચે અનુપમાએ અનુરાગ તરફ જોઈને કહ્યું, ‘હવે ક્યારેય સવારે સાત વાગે ફોનની ઘંટડી વાગશે નહીં..’

–બકુલા ઘાસવાલા

સુરતના પ્રસીદ્ધ પ્રકાશનગૃહ ‘સાહીત્ય સંગમ’( બાવા સીદી, પંચોલીની વાડી સામે, ગોપીપુરા, સુરત – 395 001) દ્વારા પ્રકાશીત માસીક ‘સંવેદન’ (તંત્રી : જનક નાયક, સરનામું ઉપર મુજબ, વાર્ષીક લવાજમ રુપીયા 120ને બદલે ફક્ત રુપીયા : 50 (વીદેશ માટે ચોવીસ ડૉલર અથવા આઠ પાઉન્ડ) ફોન : 0261- 259 7882, 259 2563)ના ફેબ્રુઆરી 2010ના 27મા અંકમાંથી લેખક અને પ્રકાશકના સૌજન્યથી સાભાર...

લેખીકા–સમ્પર્ક : Bakula Ghaswala

AadiRaaj, Behind Jalaram Mandir, Jalaram Road Cross Lane,

Beside Shivam Society, Valsad 396001 (Gujarat, India) Phone : 02632-251 946

Mobile : 98251 33626 ઈ.મેલ : bakula.ghaswala@gmail.com

સંયુક્ત બ્લોગ : http://astigujarati.wordpress.com

@ @ @

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ : અગીયારમું – અંક : 329 – August 23, 2015

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર uttamgajjar@gmail.com

@@@@@

More than 3,15,57,000 Gujarati Language lovers have visited http://www.gujaratilexicon.com

More than 48,33,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 7,82,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 1,95,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@